Prabhat

EDII

March 3, 2024
Pg.3

# ઈડીઆઈઆઈ દ્વારા તાલીમ પામેલા હસ્તકલા સેતુ કારીગરોએ પરંપરા અને આધુનિકતાનો સમન્વય કર્યો

આંત્રપ્રિન્યોરશિપ ડેવલપમેન્ટ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયા (ઈડીઆઈઆઈ)એ જીસીસીઆઈની બિઝનેસ વિમેન કમિટી (બીડબ્લ્યુસી) સાથેના સહયોગમાં ગુજરાત સરકાર દ્વારા સમર્થિત અગ્રણી પહેલ હસ્તકલા સેતુ યોજનાની કારીગરી દર્શાવતી મેગા ઈવેન્ટ રંગ સૂતનું આયોજન કર્યું હતું. ઈડીઆઈઆઈ હસ્તકલા સેતુ યોજનાનો અમલ કરી રહી છે અને આ પહેલ ગુજરાત સરકારના કુટિર અને ગ્રામીણ ઉદ્યોગ વિભાગ દ્વારા સમર્થિત છે.

ત્રણ દિવસની ઈવેન્ટનું ઈડીઆઈઆઈના ડિરેક્ટર જનરલ ડૉ. સુનીલ શુક્લા, જીસીસીઆઈના પ્રમુખ શ્રી અજય પટેલ, ઈન્ડેક્સ-સીના એક્ઝિક્યુટિવ ડિરેક્ટર શ્રી એન ડી પરમાર દ્વારા ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું. બીટુબી નેટવર્કિંગ ઈવેન્ટ યોજવામાં આવી હતી અને ભાગ લેનારા ૪૦ કારીગરો વિચારોનું આદાનપ્રદાન કરવા તથા નવી ભાગીદારીઓ રચવા માટે ૭૦ ઉદ્યોગ અગ્રણીઓ, કોર્પોરેટ્સ તથા ઉદ્યોગ સાહસિકો સાથે જોડાયા હતા. આ ઈવેન્ટમાં ભાગ લેનારાઓને ગુજરાતની ૪૦ કારીગરોની ૪૦ વિશિષ્ટ હસ્તકલાઓનું પ્રદર્શન કરતા એક વાઈબ્રન્ટ માર્કેટપ્લેસને નિહાળવાની તક મળી હતી.

આ ત્રણ દિવસની ઈવેન્ટ ૩ માર્ચ, ૨૦૨૪ના રોજ એક ફેશન શૉ સાથે પૂરી થશે જેના માટે કારીગરોએ પરંપરાગત હસ્તકળાને આધુનિક સુંદરતા સાથે સરળ રીતે સમાવી શકે તેવા વસ્ત્રોના બેનમૂન કલેક્શન બનાવવા માટે ભારતના અગ્રણી ફેશન ડિઝાઈનર્સ સાથે સહયોગ સાધ્યો હતો. ૨૦૨૦માં શરૂ કરાયેલી હસ્તકલા સેતુ યોજના ૩૩,૮૦૦ કારીગરોના જીવનને સ્પર્શી છે અને ૨૧,૦૦૦થી વધુ કારીગરોને ગુજરાતમાં ૩૩ જિલ્લાઓમાં આધુનિક તાલીમ મળી છે જેમાં વ્યવહારિક કુશળતા અને બજારના અનુભવો પૂરા પાડવા પર ધ્યાન આપવામાં આવ્યું હતું. ગુજરાત સરકારના કુટિર ઉદ્યોગો કમિશ્નર કચેરીના મહત્વના ભાગીદાર તરીકે ઈડીઆઈઆઈ રાજ્યમાં ટકાઉ વિકાસને પ્રોત્સાહન આપવા તથા ઉદ્યોગ સાહસિકતાનું જતન કરવા માટે પ્રતિબદ્ધ રહે છે.